# ઝોલાવાડી વિલેજ પંચાયત

# દીવ.

# જાહેર હરરાજી

---

નં.ઝેવીપી/ફા.૪૫& ૪૬/૨૦૧૭-૧૮/૭૯૮      તારીખ :- ૦૮ / ૦૩/૨૦૧૮

આથી રસ ધરાવતા કોન્ટ્રાક્ટને જાણ કરવામાં આવે છે કે દમણ – દીવ પંચાયત રેગ્યુલેશન ૨૦૧૨ (અંદર સેક્શન ૩૮(૧)(સી), (આઈ)નાં અનુસંધાને ઝોલાવાડી વિલેજ પંચાયત તરફથી સ.ને.૨૦૧૮-૨૦૧૯ નાં વર્ષ માટે નાગવા બીચ મુકામે આવેલ પાર્કિંગ ઝોન તથા રાધે – ક્રિષ્ના મંદિરની બાજુમાં આવેલ પાર્કિંગ ઝોન માટે તારીખ :- ૦૧-૦૪-૨૦૧૮ થી ૩૧-૦૩-૨૦૧૯ સુધી ૧૨ (બાર) મહિના માટે "પેંડ-પાર્કિંગ" ફી અને પંચાયત વિસ્તારમાં "માર્કેટ ફી" ઉઘરાવવાના ઈજારાની હરરાજી તારીખ :- ૧૯-૦૩-૨૦૧૮, ને વાર સોમવાર નાં બપોરે 03:30 કલાકે રાખવામાં આવેલ છે. જેઓને આ ઈજારો રાખવાની ઈચ્છા હોય, તેઓએ ઉપરોક્ત તારીખ અને સમયે આ પંચાયત કચેરીના હોલમાં હાજર રહેવા વિનંતી.

| અનુ. નંબર | ઈજારાનું નામ | પ્રથમ બીડની રકમ | અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ (૨.૫%) |
|---|---|---|---|
| ૧. | પેંડ-પાર્કિંગ ફી (નાગવા બીચ) | ₹. ૧૧,૪૨,૦૦૦/- | ₹. ૨૮,૫૫૦/- |
| ૨. | માર્કેટ ફી (પંચાયત વિસ્તારમાં) | ₹. ૫૫,૭૦૦/- | ₹. ૧,૬૦૦/- |

૧. ભાગીદારી પેઢીએ પોતાની ભાગીદારી ડિડની રજીસ્ટરની ખરી નકલ તેમજ હાજર રહેવા માટે ઓથોરીટી લેટર સાથે લઈને આવવું.

૨. જો કોઈ વ્યકિત શખ્ત કે ઇસમવતી તેના પ્રતિનિધિ તરીકે અન્ય વ્યક્તિ બીડ બોલવા તથા હરરાજીમાં ભાગ લેવા માગતી હોય તો તેમણે પોતાની સાથે જરૂરી અધિકારી પત્ર લાવવાનો રહેશે.

૩. હરરાજીમાં બોલવા માટે પ્રથમ ડીપોઝીટ ક્રમ અર્નેસ્ટમની તારીખ :- ૧૭-૦૩-૨૦૧૮નાં રોજ બપોરના 3:00 કલાકે પહેલા ભરવાની રહેશે.

૪. હરરાજીમાં શરતો હરરાજી વખતે રૂબરૂ વાંચી સંભાળાવવામાં આવશે અને શરતોને આધીન રહી માંગણી કરવાની રહેશે.

નોંધ. : તા.ક. કોઈ પણ કારણસર હરરાજી બંધ રહેશે તો ફરી તારીખ :- ૨૦-૦૩-૨૦૧૮ ને વાર મંગળવાર, સમય : બપોરે 3:30 કલાકે રાખવામાં આવશે.

ગ્રામ પંચાયત કચેરી
દીવ
ઝોલાવાડી

SANJAY-S
(સંજયકુમાર એસ. વાજા)
સરપંચ
ઝોલાવાડી ગ્રામ પંચાયત
દીવ

**નકલ સદર રવાના :-**

૧. શ્રી કલેકટર સાહેબ, દીવ.
૨. શ્રી ચિફ એજ્યુકેટીવ ઓફિસર, જિલ્લા પંચાયત, દીવ.
૩. શ્રી ચિફ ઓફિસર, ડી.એમ.સી., દીવ.
૪. શ્રી સરપંચ, ભુચરવાડા, વણાકબારા, સાઉદવાડી ગ્રામ પંચાયત..
૫. શ્રી એન. આઈ.સી., દીવ. . . ઓનલાઈન પ્રસીધ્ધ કરવા સારૂ.
૬. શ્રી તમામ કોન્ટ્રાક્ટરો.
૭. ન્યુઝ પેપર...
૮. શ્રી પંચાયત વિસ્તારનાં નોટીસ બોર્ડ....

# ઝોલાવાડી ગ્રામ પંચાયત
## સને, ૨૦૧૮–૨૦૧૯ ના વર્ષની
## "પેંડ–પાર્કીંગ" ટેક્ષ ની શરતો

દમણ – દિવ પંચાયત રેગ્યુલેશન – ૨૦૧૨ (અંડર સેંકશન ૩૮(૧) (સી) નાં નિયમો અનૂસાર વાહન પાર્કિંગ ઉપર ફી નો અમલ કરવામાં આવે છે. જે સને ૨૦૧૮–૨૦૧૯ ના વર્ષ માટે ઉપરોકત કાયદા નીયમ નીચે પાર્કિંગ ફી ઉઘરાવવાની શરતો નીચે મુજબ છે.

૧. આ કોન્ટ્રાકટ ઝોલાવાડી ગ્રામ પંચાયતની માલીકીના નાગવા બીચ પાસે આવેલ પાર્કિંગમાં હોટલ રસલની સામે આવેલ સર્વે નંબર ૮૮ (પાર્ટ), ઉતર–પુર્વ આવેલસર્વે નંબર ૧૫૩ (ઉતર બાજુની બાઉન્ડ્રી દિવાલ – એરપોર્ટ તથા દક્ષિણ બાજુ દિવ–વણાકબાર રોડ) વાહન પાર્ક કરવા માટે તેમજ નાગવા રાધે–કિષ્ના મંદિરની બાજુમાં આવેલ પાર્કિંગ વિસ્તાર માટે નકકી થયેલ ફી ઉઘરાવવાનો કોન્ટ્રાકટ છે. જેની મુદત ૧૨ (બાર) મહિના સુધી રહે છે. તારીખ : ૦૧/૦૪/૨૦૧૮ થી તારીખ : ૩૧/૦૩/૨૦૧૯ સુધીનો છે. અને બીજા કોન્ટ્રાકટની હરરાજી ન થાય ત્યાં સુધી પણ પંચાયતને આ કોન્ટ્રાકટ યોગ્ય લાગશે તો ઠરાવ કરીને પેંડ–પાર્કીંગની મુદત વધારી શકશે. પણ વધારાની મુદત ત્રણ માસથી વધારે રહેશે નહી વધારાની કોન્ટ્રાકટ સમય માટે રકમ ચાલુ કોન્ટ્રાકટ પ્રમાણે લેવામા આવશે.

૨. કોન્ટ્રાકટ લેનાર હરરાજી રાખેલ કોન્ટ્રાકટની રકમ દર માસે સરખી રકમના માસિક હપ્તાથી ભરવાની રહેશે. અને હપ્તાની રકમ દર માસની છેલ્લી તારીખથી બીજા માસની ૧ થી ૫ તારીખ સુધીમાં ભરપાઈ કરવાની રહેશે. હપ્તાની રકમ ઉપર મુજબના સમયમાં ન ભરાય અથવા પાછળ રહેશે તો બાકી લેણી થતી રકમના ૧૦% પ્રમાણે બાકી રહેલી રકમ ઉપર વ્યાજ આકારવામાં આવશે જે વ્યાજની રકમ કોન્ટ્રાકટરે હપ્તાની રકમ પહેલા ભરપાઈ કરવાની રહેશે અને કસૂર થયે પંચાયત ગમે ત્યારે કોન્ટ્રાકટ રદ કરી શકશે. જે અંગે પંચાયત સામે કોઈ નોટીશ અથવા દાવો માંડી શકશો નહી.

૩. ફી માટે પંચાયતે નકકી કરેલ ધારા ધોરણ પ્રમાણે ભરવાની રહેશે.

૪. ફી માટે નકકી કરેલ ધોરણ કરતા વધારે દરે વસૂલ કરવામાં આવશે તો કોન્ટ્રાકટરે રૂા. ૨,000/– દંડ ભરવાનો રહેશે અને આવી રીતે વધુ વસૂલ કરેલ રકમ પંચાયતના કોન્ટ્રાકટરે રકમ ભરવાની રહેશે આ માટે કોન્ટ્રાકટરની વર્તણૂક ખરાબ ગણાશે.

૫. આ કોન્ટ્રાકટની શરતો કોન્ટ્રકટરે સ્વિકાર્યા પછી તેનું ઉલંઘન કરશે તો કોન્ટ્રાકટ રદ કરવા માટે પંચાયતને અધિકાર રહેશે અને કોન્ટ્રાકટ રદ કર્યા પછી જ નવા કોન્ટ્રાકટની નવી હરરાજી કરવામાં આવશે. જેમા જુના કોન્ટ્રકટની માંગણીની રકમ વચ્ચે જે તફાવત હશે તેટલી રકમ જુના કોન્ટ્રાકટરે પંચાયતને ભરવાની રહેશે અને તે આવી તફાવત ( ખોટ ) ની રકમ સ્વેચ્છાએ ભરશે નહી તો ધોરા – ધોરણસર કોર્ટમાં દાવો કરી વસૂલ કરવામાં આવશે.

૬. કોન્ટ્રાકટરે વસૂલ લીધેલ ફી ભરનારને માટે નિયત થયેલ નમુનામાં ફી ભરનારને પહોચ આપવાની રહેશે અને આ પહોંચબુક તેઓએ પોતાના અંદરથી છપાવવાની રહેશે અને આ પહોંચ તેઓએ પંચાયતનાં રજીસ્ટર ઉપર નોંધણી સિકકા અંકિત કરાવ્યા પછી જ ઉપયોગમાં લેવામાં આવશે.

૭. આ કરવેરા ફી માટે વખતો વખત પંચાયત માહિતી માંગે તે માહિતી કોન્ટ્રાકટરે પુરી પાડવાની રહેશે અને જે નંબરની રસીદ બુકો પંચાયત દ્વારા મંગાવવામાં આવશે તે રસીદ બુકો પંચાયતમાં રજૂ કરવાની રહેશે.

૮. પેડ પાર્કિંગની છેલ્લી હરરાજીમાં બોલેલ રકમ માટે પંચાયતને યોગ્ય લાગશે તો જ છેવટે બોલેલ કોન્ટ્રકટરને કોન્ટ્રાકટ તરીકે માન્ય રાખવામા આવશે, તેની ઓથોરીટી પંચાયતની રહેશે.

૯. અર્નેસ્ટમનીની રકમ ડીપોજીટની રકમ ઓકશન પહેલા પંચાયતમાં ૨.૫ % પ્રથમ રોકડા ભરવાના રહેશે બાકી રકમ કે જે પુરેપુરી હરરાજીની થતી ૨૫% રકમ હરરાજી થયેથી ૨૪ કલાકની અંદર પંચાયતને ભરવાની રહેશે જે બંને રકમ પંચાયતના ખાતે જમા રહેશે. તે અંગે કોન્ટ્રાકટરને વ્યાજ મળી શકશે નહી. પાર્કિંગ વિસ્તારને દરરોજ સાફ કરવાની જવાબદારી કોન્ટ્રાકટર લેનારની રહેશે.

૧૦. કોન્ટ્રાકટ મંજુર થયેથી કોન્ટ્રાકટરે ( ઈજારાદારે ) શ્રી વિકાસ ઘટક અધિકારી, સાહેબ દીવ અથવા સરપંચશ્રીની રૂબરૂ રૂા. <u>૧૦:૦૦</u> ના સ્ટેમ્પ પેપર ઉપર એગ્રીમેન્ટ કરી આપવાનું રહેશે. જે અઠવાડીયામાં કોન્ટ્રાકટરે કરી આપવાનું રહેશે.

૧૧. બસ/ટ્રક પર રૂા. ૧૦૦/– મીની બસ, ટેમ્પો, ટ્રેકટર, તૃફાન, વેગેનર પર રૂા. ૫૦/– તથા ટેક્ષી, મારૂતી, સુમો વગરેપર રૂા. ૩૦/– પાર્કિંગ ફી લેવાની રહેશે જે નિયમ કરેલ ફી કરતા વધારે લેવાશે નહિ.

૧૨. આ શરતોમાં ન સમાવેશ થઈ શરતોથી વધારાની રકમ કે બીજા કોઈ પણ ધંધા માટે કેટલી ફી લેવી તે પંચાયત બોડી નકકી કરશે. તે અંગે અરજદારને જણાવામાં આવશે.

૧૩. પેંડ–પાર્કિગ ફી ફકત પંચાયતે નકકી કરેલ પાર્કિંગઝોન તથા રાધે–ક્રિષ્નાં મંદિરની બાજુમાં આવેલ પાર્કિગમાંથી કલેકશન કરવી તથાં રોડ ઉપર ઊભા રહીને પાર્કિંગ ફી કલેકશન ન કરવી જે બાબતની સખત કાળજી લેવી.

૧૪. પાર્કિંગ વિસ્તાર સફાઈ બાબતે પંચાયતનાં તા.૧૪/૦૩/૨૦૧૭ની મિટીંગમાં ચર્ચાનાં આધારે ૩૦,૦૦૦/– (અંકે ત્રીસ હજાર રૂપિયા પૂરા) ડીપોઝીટ ભરાવવી. (ઠરાવનાં અનુસંધાને).

ઉપરોકત શરત નંબર <u>૧ થી ૧૪</u> મને માન્ય છે. જે બદલ હું નીચે કોન્ટ્રાકટરની સહી કરી આપુ છું

<u>રૂબરૂ.</u> <u>કોન્ટ્રાકટરની</u>

# ઝોલાવાડી ગ્રામ પંચાયત

## સ.ને., ૨૦૧૮–૨૦૧૯ ના વર્ષની

## <u>'માર્કેટ" ટેક્ષ ની શરતો</u>

ઝોલાવાડી ગ્રામ પંચાયત વિસ્તારમા ગ્રામ પંચાયત કલમ ૩૮(૧) (આઈ) નીચે નકકી થયેલ કરવેરાના નીયમોનુસાર આ પંચાયતને કરવેરા વસૂલ લેવા માટે માર્કેટ મેળા ઉત્સવ અને ઉજવણીમાં માલ સામાન વેચવા ઉપરથી નાખેલ છે તે સ.ને. ૨૦૧૮– ૨૦૧૯ ના વર્ષ માટે ઉપરોકત કાયદા નીયમ નીચે માર્કેટ, મેળા, ઉત્સવ અને ઉજવણી પ્રસંગે ફી ઉઘરાવવાની શરતો નીચે મુજબ છે.

૧. આ કોન્ટ્રાકટ ઝોલાવાડી ગ્રામ પંચાયતની હદમા કરવેરો પંચાયતને નકકી કરેલ વેચાણ માટે નકકી થયેલ ફી ભરવાની છે. તે ઉઘરાવવાનો કોન્ટ્રાકટ છે. જેની મુદત ૧૨ માસની છે. એટલે કે તારીખ : ૦૧/૦૪/૨૦૧૮ થી તારીખ : ૩૧/૦૩/૨૦૧૯ સુધીનો છે. અને બીજા કોન્ટ્રાકટની હરરાજી ન થાય ત્યાં સુધી પણ પંચાયતને આ કોન્ટ્રાકટ યોગ્ય લાગશે તો ઠરાવ કરીને માર્કેટની મુદત વધારી શકશે. પણ વધારાની મુદત ત્રણ માસથી વધારે રહેશે નહી વધારાની કોન્ટ્રાકટ સમય માટે રકમ ચાલુ કોન્ટ્રાકટ પ્રમાણે લેવામા આવશે.

૨. કોન્ટ્રાકટ લેનાર હરરાજી રાખેલ કોન્ટ્રાકટની રકમ દર માસે સરખી રકમના માસિક હપ્તાથી ભરવાની રહેશે. અને હપ્તાની રકમ દર માસની છેલ્લી તારીખથી પાંચ તારીખ સુધીમાં ભરપાઈ કરવાની રહેશે. હપ્તાની રકમ ઉપર મુજબના સમયમાં ન ભરાય અથવા પાછળ રહેશે તો બાકી લેણી થતી રકમના ૧૦% પ્રમાણે બાકી રહેલી રકમ ઉપર વ્યાજ આકારવામાં આવશે જે વ્યાજની રકમ કોન્ટ્રાકટરે હપ્તાની રકમ પહેલા ભરપાઈ કરવાની રહેશે અને કસૂર થયે પંચાયત ગમે ત્યારે કોન્ટ્રાકટ રદ કરી શકશે. જે અંગે પંચાયત સામે કોઈ નોટીશ અથવા દાવો માંડી શકશો નહી.

૩. ફી માટે પંચાયતે નકકી કરેલ ધારા ધોરણ પ્રમાણે ભરવાની રહેશે.

૪. ફી માટે નકકી કરેલ ધોરણ કરતા વધારે દરે વસૂલ કરવામાં આવશે તો કોન્ટ્રાકટરે રૂા. ૧,૦૦૦/– દંડ ભરવાનો રહેશે અને આવી રીતે વધુ વસૂલ કરેલ રકમ પંચાયતના કોન્ટ્રાકટરે રકમ ભરવાની રહેશે આ માટે કોન્ટ્રાકટરની વર્તણૂક ખરાબ ગણાશે.

૫. આ કોન્ટ્રાકટની શરતો કોન્ટ્રકટરે સ્વિકાર્યા પછી તેનું ઉલંઘન કરશે તો કોન્ટ્રાકટ રદ કરવા માટે પંચાયતને અધિકાર રહેશે અને કોન્ટ્રાકટ રદ કર્યા પછી જ નવા કોન્ટ્રાકટની નવી હરરાજી કરવામાં આવશે. જેમા જુના કોન્ટ્રકટની માંગણીની રકમ વચ્ચે જે તફાવત હશે તેટલી રકમ જુના કોન્ટ્રાકટરે પંચાયતને ભરવાની રહેશે અને તે આવી તફાવત ( ખોટ ) ની રકમ સ્વેચ્છાએ ભરશે નહી તો ધોરણસર કોર્ટમાં દાવો કરી વસૂલ કરવામાં આવશે.

૬. કોન્ટ્રાકટરે વસૂલ લીધેલ ફી ભરનારને માટે નિયત થયેલ નમુનામાં ફી ભરનારને પહોંચ આપવાની રહેશે અને આ પહોંચબુક તેઓએ પોતાના અંદરથી છપાવવાની રહેશે અને આ પહોંચ તેઓએ પંચાયતનાં રજીસ્ટર ઉપર નોંધણી સિકકા અંકિત કરાવ્યા પછી જ ઉપયોગમાં લેવામાં આવશે.

૭. આ કરવેરા ફી માટે વખતો વખત પંચાયત માહિતી માંગે તે માહિતી કોન્ટ્રાકટરે પુરી પાડવાની રહેશેઅને જે નંબરની રસીદ બુકો પંચાયત દ્વારા મંગાવવામાં આવશે તે રસીદ બુકો પંચાયતમાં રજૂ કરવાની રહેશે.

૮. માર્કેટની છેલ્લી હરરાજીમાં બોલેલ રકમ માટે પંચાયતને યોગ્ય લાગશે તો જ છેવટે બોલેલ કોન્ટ્રકટરને કોન્ટ્રાકટ તરીકે માન્ય રાખવામા આવશે, તેની ઓથોરીટી પંચાયતની રહેશે.

૯. અર્નેસ્ટમનીની રકમ ડીપોઝીટની રકમ ઓકશન પહેલા પંચાયતમાં ૨.૫ % પ્રથમ રોકડા ભરવાના રહેશે બાકી રકમ કે જે પુરેપુરી હરરાજીની થતી ૧૦% રકમ હરરાજી થયેથી ૨૪ કલાકની અંદર પંચાયતને ભરવાની રહેશે જે બંને રકમ પંચાયતના ખાતે જમા રહેશે. તે અંગે કોન્ટ્રાકટરને વ્યાજ મળી શકશે નહી.

૧૦. કોન્ટ્રાકટ મંજુર થયેથી કોન્ટ્રાકટરે ( ઈજારાદારે ) શ્રી વિકાસ ઘટક અધિકારી, સાહેબ દીવ અથવા સરપંચશ્રીની રૂબરૂ રૂા. ૧૦:૦૦ ના સ્ટેમ્પ પેપર ઉપર એગ્રીમેન્ટ કરી આપવાનું રહેશે. જે અઠવાડીયામાં કોન્ટ્રાકટરે કરી આપવાનું રહેશે.

૧૧. સ્થાનીક રેકડી, ફરતી રેકડી, બહારની કોઈ પણ રેકડી માલ વેચાણ માટે આવશે તો તેના ઉપર બજાર કર લાગુ પડશે જે નિયત કરેલ ફી કરતા વધારે લેવાશે નહી બહાર ની રેકડી ઉપર રેકડી દીઠ દિવસના રૂા. ૧૦:૦૦ લેવાના રહેશે.

૧૨. મેળા, ઉત્સવ કે ઉજવણી પ્રસંગે જેઓ માલની વેચાણ માટે ટેમ્પરરી દુકાન નાખે તેમની પાસેથી રૂા ૫૦:૦૦ લેવાના રહેશે અને ગામની સ્થાનીક રેકડી તેમજ બહારથી આવેલ રેકડી મેળામાં માલ વેચવા આવશે તેના ઉપર રૂા. ૩૦:૦૦ લેવામાં રહેશે.

૧૩. બહારથી ગાડામાં અને રીક્ષામાં માલ ભરી વેચાણ કરવા આવે તો એક ગાડા અને રીક્ષા દીઠ રૂા. ૩૦:૦૦ બજાર કર લેવામા આવશે. તેમજ ખટારામાં કે ટ્રેકટરમાં માલ ભરીને વેચાણ માટે આવે તો તેના રૂા. ૫૦:૦૦ બજાર કર લેવામાં આવશે.

૧૪. મચ્છીમાં નાની કે મોટી માછલી થાળીમાં લઈને વેચવા આવે તો રૂા. ૧૦:૦૦ બજાર કર લેવામા આવશે.

૧૫. બકાલામાં પણ મોટલી દીઠ રૂા. ૧૦:૦૦ થી વધારે લેવાના નથી તેમજ મચ્છીમાં તગારામાં, ડાલામાં કે બાસીયામાં લાવે તેના રૂા. ૧૦:૦૦ અને પંચાયત વિસ્તારની બહારના લોકો મચ્છી તગારા કે ડાલામાં કે બાસીયામાં લાવે તેના ૧૦:૦૦ થી વધારે લેવાના નથી.

૧૬. ખાટકી બકરા કાપે તેના એક નંગ દીઠ રૂા. ૫૦:૦૦ થી વધારે લેવાના નથી તથા કુલ્ફી વેચવા વાળા પાસેથી રૂા. ૧૦:૦૦ અને કપડા વેચનાર ફેરીયા પાસેથી રૂા. ૨૦:૦૦ થી વધારે લેવાના નથી અને જે ફેરીયા દુકાને માલ આપવા આવે તેની પાસેથી ફી લેવાની નથી. સાયકલ કે મોટર સાયકલ પર વેચવા આવે તેના પર રૂા. ૧૦:૦૦ લેવાના રહેશે. ફોટો ગ્રાફર પાસેથી રૂા. ૨૦:૦૦ લેવાના રહેશે.

ઉપરોકત શરત નંબર ૧ થી ૧૬ મને માન્ય છે. જે બદલ હું નીચે કોન્ટ્રાકટરની સહી કરી આપુ છું

રૂબરૂ. કોન્ટ્રાકટરની સહી,